# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

ડૉ. ગૌતમ. આર. પટેલ
કુલસચિવ

ફોન નંબર : (૦૨૬૯૨) ૨૬૧૩૧૦
ઈ મેઈલ : registrar@aau.in

વંચાણે લીધો: Common Academic Regulations(2022-23) for Post Graduate Programmes of SAUsના રૂલ નં. ૨૫.૭

વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન રદ કરવા બાબત..

## પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં અનુસ્નાતક કક્ષાએ Common Academic Regulations(2022-23) for Post Graduate Programmes of SAUsના વિનિયમો પ્રર્વતમાન છે. અત્રેની કચેરીને ધ્યાને આવેલ છે કે, આપની મહાવિદ્યાલયના વિભાગોમાં ઘણા વિદ્યાર્થીઓની સતત ગેરહાજરી હોય છે. કોમન પી. જી. રેગ્યુલેશન્સના રૂલ નં. ૨૫.૭ મુજબ વિદ્યાર્થી / વિદ્યાર્થીની કોઇ જગ્યાએ કાયમી નોકરીમાં હાજર થાય અથવા વિદ્યાર્થી / વિદ્યાર્થીની સતત ૧૦ (દસ) દિવસ અભ્યાસક્રમમાં ગેરહાજર રહે તો મુખ્ય માર્ગદર્શક, વિભાગીય વડા તેમજ આચાર્ય/ ડીનશ્રી મારફત વિદ્યાર્થી / વિદ્યાર્થીનીના ઘરે ટપાલ મારફત જાણ કરવાની રહે છે અને તેની નકલ અત્રેની કચેરીને આપવાની રહે છે. વિદ્યાર્થી / વિદ્યાર્થીની અન્ય જગ્યાએ કાયમી નોકરીમાં હાજર થાય અથવા સતત ગેરહાજર રહે અને સદર બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉત્પન્ન થાય અથવા કાયદાકીય ગૂંચવણ ઉભી થાય અને વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનું રજીસ્ટ્રેશન ચાલુ હશે તો તે બાબતની સઘળી જવાબદારી મુખ્ય માર્ગદર્શકશ્રીની રહેશે.

વધુમાં વિભાગ કક્ષાએ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીની હાજરીનું મોનીટરીંગ અતિ આવશ્યક છે. સદર બાબતે કાળજી રાખવા આથી જણાવવામાં આવે છે અને સદર પરિપત્રનો અમલ તાત્કાલીક ધોરણે કરવા જણાવવામાં આવે છે.

કુલસચિવ

જા. નં. આકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/ ૫૧૨-૧૭ /૨૦૨૬

તા. ૧૦/૦૨/૨૦૨૬

**નકલ સવિનય રવાના:**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સાથ રવાના જાણ તેમજ અમલ થવા સારૂ:**

૧. આચાર્ય અને ડીનશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૨. આચાર્ય અને ડીનશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા
૩. આચાર્ય અને ડીનશ્રી, કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૪. આચાર્ય અને ડીનશ્રી, ઇન્ટરનેશનલ એગ્રી-બિઝનેશ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૫. નિયામકશ્રી, આઇ.ટી. સેલ તરફ પરિપત્ર વેબસાઇટ પર મૂકવા તેમજ આચાર્ય અને ડીનશ્રી, આચાર્યશ્રી તેમજ દરેક શિક્ષકગણને ઈ-મેઈલથી જાણ કરવા સારૂ.